બનાસ ડેરીના તત્કાલીન ચેરમેન અને અધિકારીઓ સામે ઉચાપતની ફરીયાદ

ફક્ત બે માસના ઓડીટમાં જ સર્વિસ ટેક્ષની રૂ. ૩૫ લાખ ઉપરાંતની ગેરરીતી ધ્યાને આવી : તત્કાલીન ચેરમેન પરથીભાઇ ભટોળના અનેક કૌભાંડો ખુલવાની સંભાવના

પાલનપુર, તા.૨૨

એશીયાની પ્રથમ ક્રમાંકિત કહેવાતી બનાસ ડેરીના તત્કાલીન ચેરમેન પરથીભાઇ ભટોળ દ્વારા વર્ષોથી ડેરીના એક હથ્થુ શાસન દરમ્યાન આચરાયેલા અબજો રૂપિયાના ભ્રષ્ટાચારની તપાસ સોંપાયા બાદ બનાસ ડેરીમાં નાંણાકીય ઉચાપતની પ્રથમ ફરીયાદ સામે આવી છે. જેમાં તત્કાલીન ચેરમેન પરથીભાઇ ભટોળ સહિત અધિકારીઓએ કોન્ટાકટરો દ્વારા ભરવાની થતી સર્વિસ ટેક્ષની રૂ. ૩૫ લાખ ઉપરાંતની રકમ ડેરી મારફતે ભરાવી કોન્ટાકટરો પાસેથી રકમ મેળવી ઘર ભેગી કરી નાંણાકીય ગેરરીતી આચરી હોવાની ફરીયાદ મિલ્ક ઓડીટ ઓફીસ પાલનપુરના સ્પેશ્યલ ઓડીટર દ્વારા પાલનપુર તાલુકા પોલીસ મથકે નોંધાવતા સહકારી માળખામાં હલચલ મચી જવા પામી છે.

છેલ્લા ઘણા સમયથી વિવાદોમાં રહેલા બનાસ ડેરીમાં તત્કાલીન ચેરમેન પરથીભાઇ ભટોળ દ્વારા વર્ષોર્‌થી એક હથ્થુ શાસન ચલાવી ડેરીની તમામ ચીજ વસ્તુઓની ખરીદી, તમામ પ્રકારના કોન્ટાકટ તેમજ બાંધકામોમાં મસમોટુ કમિશન મેળવી અબજો રૂપિયાનો ભ્રષ્ટાચાર કરવામાં આવ્યો હોય તે મુજબની ફરીયાદ હાઇકોર્ટ સમક્ષ કરાઇ હતી. જેની હાલમાં રાજય રજીસ્ટાર સહકારના માર્ગદર્શન હેઠળ સરકારી ઓડીટરો દ્વારા તપાસ ચાલી રહી છે. ત્યારે ડેરી દ્વારા અપાતા જુદા જુદા કામના લેબર કામના કોન્ટાકટર માટે દૂધ સંઘના નિયમોને આધિન ટેન્ડર બહાર પાડી જેનું સૌથી નીચા ભાવનું ટેન્ડર આવે તેને કામગીરી સોંપવાની થાય છે. જેમાં ટેન્ડરની શરતોમાં એવું પણ જણાવવામાં આવે છે કે, સર્વિસ ટેક્ષ ભરવાની તમામ જવાબદારી કોન્ટાકટરની રહેશે. ત્યારે શરતોને આધિન મંજૂર થયેલ લેબર કોન્ટાકટરોને વર્ક ઓર્ડર આપવાની સત્તા ડેરીના ચેરમેન અને મેનેજીંગ ડીરેકટરને સોંપવામાં આવી હતી.

ત્યારે ડેરીમાં જુદા જુદા કામોના કુલ ૨૬ લેબર કોન્ટાકટરો દ્વારા તા. ૧ એપ્રિલ-૨૦૧૫ થી તા. ૩૧ મે-૨૦૧૫ સુધીમાં ચૂકવવાની થતી લેબર કામગીરીની સર્વિસ ટેક્ષની રકમ રૂ. ૩૫,૧૪,૪૮૬ ડેરીના ફંડમાંથી તા. ૧૭ જુલાઇ-૨૦૧૫ ના રોજ આઇ.ડી.બી.આઇ. બેંકમાં ભરાઇ હતી. ખરેખર આ સર્વિસ ટેક્ષની રકમ ટેન્ડરની શરતો મુજબ લેબર કોન્ટાકટરોને ભરવાની હોવા છતાં ડેરી દ્વારા ભરાતા તપાસ દરમ્યાન ઉચાપત થયાનું ધ્યાને આવ્યું હતું. આ અંગેની જવાબદારી ડેરીના તત્કાલીન ચેરમેન પરથીભાઇ ભટોળ, ઓ.એસ.ડી. એન.કે.દધીચ, એ.જી.એમ. મુકેશ મહેશ્વરી અને મેનેજીંગ ડીરેકટર સંજય કરમચંદાણીની હોવાથી તેઓએ સાથે મળી નાણાંકીય ગેરરીતી અંગેનો ગુનાહિત કૃત્ય કર્યુ હોવાનું સાબિત થતાં તમામ વિરૂધ્ધ ફોઝદારી ધારા હેઠળ ફરીયાદ નોંધાવવા જીલ્લા રજીસ્ટાર સહકારી મંડળીઓ પાલનપુર દ્વારા આદેશ કરાયો હતો.

જેથી મિલ્ક ઓડીટ ઓફીસ પાલનપુરના સ્પેશ્યલ ઓડીટર ટી.સી.રબારી દ્વારા પાલનપુર તાલુકા પોલીસ મથકે ડેરીના તત્કાલીન ચેરમેન પરથીભાઇ ગલબાભાઇ ભટોળ અને ત્રણ અધિકારીઓ સામે ફરીયાદ નોંધાવતા પોલીસે ઇ.પી.કો. કલમ ૪૦૮, ૪૦૯, ૪૨૦ અને ૧૧૪ મુજબ ગુનો નોંધી વધુ તપાસ પી.એસ.આઇ. જે.એચ.સિંધવ ચલાવી રહ્યા છે.

પરથીભાઇની અનેક ગેરરીતીઓ બહાર આવવાની શકયતા

બનાસ ડેરીમાં છેલ્લા ૨૫ વષથી એક હથ્થુ શાસન ચલાવતા પરથીભાઇ ભટોળ દ્વારા અબજો રૂપિયાનો ભ્રષ્ટાચાર આચરાયો હોવાની બાબતમાં ખુદ હાઇકોર્ટ દ્વારા તપાસના આદેશ કરાયા છે. ત્યારે સ્પેશ્યલ ઓડીટર દ્વારા તપાસની શરૂઆતે જ નાંણાકીય ગેરરીતીની બાબત સામે આવતા ફરીયાદ નોંધાઇ છે ત્યારે હજુ તત્કાલીન ચેરમેન દ્વારા ડેરીની તમામ ચીજ વસ્તુઓની ખરીદી-વેચાણમાં મોટા કમિશન, કર્મચારીઓની ભરતી કૌભાંડ તેમજ મળતીયાઓને કોન્ટાકટની ફાળવણી કરી અબજો રૂપિયાનું કમિશન મેળવાયું હોવાની બાબતો પણ બહાર આવવાની પુરેપુરી શકયતાઓ છે.

નગરપાલિકાના વોર્ડ નં. ૯ના ભાજપ ચૂંટણી કાર્યાલયનું ઉદ્‌ઘાટન

ડીસા, તા. ૨૨

ડીસામાં પાલિકાની ચૂંટણીની પ્રચાર ઝુંબેશ પુર જોશમાં ચાલી રહી છે. ત્યારે પ્રચાર માટે ચૂંટણી કાર્યાલયો ખુલ્લા મુકાવા માંડ્યા છે. ત્યારે વોર્ડ નં. ૯માં નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપ કાર્યાલયનું ઉદ્‌ઘાટન ખેતાજી માળી (કે.ટી.), બાબુલાલ માળી, કનુભાઈ વ્યાસ, દિનેશભાઈ (દિનશા), ચેતનભાઈ ત્રિવેદી, આનંદભાઈ ઠક્કર, દિનેશભાઈ દવે જિલ્લા પંચાયત પ્રમુખ, રામસિંગ લોધા, રમેશભાઈ લોધા, ઉદયસિંહ લોધા વગેરે ભાજપના અગ્રણીઓ દ્વારા રાજપુર લોધાવાસ ખાતે કાર્યાલય ખુલ્લુ મુકવામાં આવ્યું હતું. આ પ્રસંગે વોર્ડ નં.૯ના ભાજપના ત્રણે ઉમેદવારો સહિત, ત્રણે ઉમેદવારોના સગા સંબંધીઓ, આગેવાનો, નગરજનો સ્નેહીજનો તથા મતદાર ભાઈ-બહેનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

નવા માઢવા ગામે તબેલામાંથી રૂા.૪૭ હજારની ભેંસ ચોરાઇ

હિંમતનગર, તા.૨૨

ઇડર તાલુકાના નવા માઢવા ગામની સીમમાં આવેલ જીતેન્દ્રકુમાર મગનભાઇ પટેલના તબેલામાંથી શુક્રવારે રાત્રે અજાણ્યા શખ્સો રૂા.૪૭ હજારની કિંમતની ભેંસની ચોરી કરી લઇ ગયા હતા. જે અંગે જીતેન્દ્રકુમાર પટેલે તપાસ કરવા છતાં કોઇ પત્તો ન મળતા તેમણે શનિવારે જાદર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

નવાગામ ધનેલા પ્રાથમિક શાળામાંથી રૂા.૧૫ હજારનો સામાન ચોરાયો

હિંમતનગર, તા.૨૨

વિજયનગર તાલુકાના નવાગામ ધનેલા ખાતે આવેલ પ્રાથમિક શાળામાંથી અજાણ્યા શખ્સો ગત તા.૭ નવેમ્બરના રોજ ઓફીસનો મુખ્ય દરવાજો તોડી અંદર પ્રવેશ કરી એક ટીવી તથા ગણિત-વિજ્ઞાનના કિટનો સામાન મળી અંદાજે રૂા.૧૫ હજારની મત્તાની ચોરી કરી લઇ ગયા હતા. જે અંગે મગનભાઇ બદાજી ડાભીએ શનિવારે વિજયનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

રાષ્ટ્રીય વસતીપત્રક આધુનિકરણનું કામ ડિસેમ્બરથી શરૂ થશે

મોડાસા, તા. ૨૨

આગામી ડિસેમ્બર માસની શરૂઆતથી રાષ્ટ્રીય વસ્તી પત્રકનું આધુનિકરણની કામગીરી શરૂ કરવામાં આવશે. જેમાં ગામ, વોર્ડ અને બ્લોક નંબરની કામગીરી અંતર્ગત કર્મચારીઓની નિમણુંક કરી દેવામાં આવી છે. આગામી ડિસેમ્બર માસના પહેલા સપ્તાહથી સમગ્ર રાજ્યમાં ચાલુ થનાર રાષ્ટ્રીય વસ્તી પત્રક (એનપીઆર) ડાટાબેજ અદ્યતન કરવા તેમજ આધારકાર્ડ નંબરને એનપીઆર ડાટાબેજમાં જોડાણ કરવા માટે પ્રાથમિક શિક્ષકોને ગણતરીદાર તરીકે કામગીરીના ઓર્ડર પણ આપી દેવામાં આવ્યા છે. તેમજ આ કામગીરી માટેની તાલીમ પણ આપવામાં આવી છે. આ ઉપરાંત ગામને લગતા નકશા અને માર્ગદર્શિકા પણ આપવામાં આવી છે. પ્રાથમિક શિક્ષકોએ આ કામગીરી શાળા સમય પહેલા કે શાળા સમય બાદ કરવાની રહેશે. જો કે પ્રાથમિક શિક્ષકોને સોપેલ આ કામગીરીથી શિક્ષકોમાં છુપો અસંતોષ જોવા મળી રહ્યો છે. શિક્ષણ સિવાયની અન્ય વધારાની કામગીરીને લીધે વિદ્યાર્થીઓના શિક્ષણ પર થતી અસરના લીધે વાલીઓ અને શિક્ષકોમાં રોષ પણ વ્યાપ્યો છે.

પ્રાથમિક શિક્ષકોને ગણતરીદાર તરીકે કામગીરીના ઓર્ડર અપાયા

પેપોળ સરપંચ સામેનો અવિશ્વાસ પ્રસ્તાવ રદ કરવાનો આદેશ

સરપંચે જિલ્લા પંચાયતની અપીલ કમીટી સમક્ષ પડકારતા પુનઃ ચાર્જ સોંપવાનો આદેશ : વચગાળાનો મનાઈ હૂકમ

પાલનપુર, તા. ૨૨

બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાના પેપોળ ગ્રામ પંચાયતના સરપંચ સામે ગ્રામ પંચાયતના છ સભ્યોએ અવિશ્વાસનો પ્રસ્તાવ પસાર કરતી દરખાસ્ત કરી હતી. જે દરખાસ્તને સરપંચે જિલ્લા પંચાયતની અપીલ કમીટી સામે પડકારતા જિલ્લા પંચાયતની અપીલ કમીટીએ આદેશ કરીને જણાવ્યું છે કે પેપોળ સરપંચ સામે અવિશ્વાસ પ્રસ્તાવ પસાર કરવામાં આવેલ ઠરાવ એક તરફી રીતે કરવામાં આવેલ હોવાથી રદબાતલ કરવા તથા સરપંચને પુનઃ ચાર્જ સોંપવાનો આદેશ કરીને દરખાસ્તના મામલે વચગાળાનો હંગામી મનાઈહૂકમ કર્યો છે.

વડગામ તાલુકાના પેપોળ ગામના સરપંચ નાનજીભાઈ ધર્માભાઈ પરમારની સામે ગ્રામ પંચાયતના છ સભ્યોએ અવિશ્વાસનો પ્રસ્તાવ રજૂ કરી તે પ્રસ્તાવને પસાર પણ કર્યો હતો. જેના મુદ્દે પેપોળ સરપંચ નાનજીભાઈ પરમાર આ મામલે જિલ્લા પંચાયતની અપીલ સમિતિ સમક્ષ પોતાની રજુઆત કરતાં અપીલ સમિતિએ તે રજુઆતને ધ્યાને લઈ અવિશ્વાસનો પ્રસ્તાવ પસાર કરવાની દરખાસ્ત બાબતે એક તરફી કાર્યવાહી થઈ હોવાનું તારણ કાઢી તે દરખાસ્તને રદ કરવા તથા તે અંગે કોઈ નવો હૂકમ ન થાય ત્યાં સુધી નાનજીભાઈને સરપંચપદે ચાલુ રાખવાનો આદેશ કરી દરખાસ્ત સામે વચગાળાનો હંગામી મનાઈ હૂકમ ફરમાવ્યો છે. જેને લઈને પેપોળ સરપંચને રાહત થઈ છે.

ધાનેરા તાલુકાના ધરણોધર ગામ પાસેથી દેશી તમંચા સાથે એકની અટકાયત

પાલનપુર, તા. ૨૨

બનાસકાંઠાની ધાનેરા પોલીસે ધાનેરા તાલુકાના પેગીયા ગામ પાસેથી દેશી તમંચા સાથે એક યુવકની અટકાયત કરી આ યુવક ક્યાંથી તમંચો લાવ્યો અને ક્યાં લઈ જતો હતો તે બાબતની તપાસ હાથ ધરી છે.

સમગ્ર રાજ્યમાં ચૂંટણીનો માહોલ ચાલતો હોવાથી પોલીસ પણ જાગૃત બની છે અને સુરક્ષાની સાથે સાથે ચેકિંગની પણ કાર્યવાહી હાથ ધરી છે. ત્યારે ધાનેરા પી.આઈ. જે.એમ. ચુડાસમાને બાતમી મળેલી કે કોઈ યુવક બાઈક પર દેશી તમંચો લઈ ધાનેરા આવી રહ્યો છે. ત્યારે ધાનેરા પી.આઈ.એ પોતાના સ્ટાફ સાથે ધાનેરા તાલુકાના પેગીયા ગામ પાસે વોચ ગોઠવતા બાતમી મુજબનું બાઈક આવતા તેને રોકાવી તેની તલાશી લેતા યુવક પાસેથી દેશી તમંચો મળી આવ્યો હતો અને પોલીસની પૂછપરછમાં આ યુવકે તેનું નામ રમેશભાઈ મહાદેવભાઈ હોવાનું જણાવ્યું હતું અને ધાનેરા પોલીસે આ યુવકની અટકાયત કરી ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

અત્યારે તો આ યુવક તમંચા બાબતે ધાનેરા પોલીસ આગળ ગલ્લા તલ્લા કરી પોલીસને ગેર માર્ગે દોરી રહ્યો છે પરંતુ સાચી હકીકત તો પોલીસ તપાસ બાદ જ બહાર આવશે.

બેરણામાં જમીનના ખોટા દસ્તાવેજ બનાવી આઠ લાખની ઠગાઇ કરતા એક વિરૂધ્ધ ફરિયાદ

હિંમતનગર, તા.૨૨

હિંમતનગર તાલુકાના બેરણા ગામની સીમમાં આવેલ સર્વે નં.૧૨૨ની ૧-૮૯-૧૯ હે.આર.ચો.મી. ની જમીન સુરજપુરાના એક શખ્સે રૂા.૮ લાખથી વધુનો બાનાખત કરી આપી તેનો સાચા તરીક ઉપયોગ કરતા તેમની વિરૂધ્ધ બેરણાના એક શખ્સે શનિવારે ગાંભોઇ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

આ અંગેની વિગત એવી છે કે બેરણા ગામના નાનાભાઇ રૂપાભાઇ વણકરની દેસાસણ ગામે આવેલ સર્વે નં.૧૨૨ની ૧-૮૯-૧૯ હે.આરે.ચો.મી. ની જમીન તેમના નામે ન હોવા છતાં સુરેશભાઇ કાન્તીભાઇ પટેલે રૂા.૮.૧ લાખનો ખોટો બાનાખત કરી આપ્યો હતો અને તેનો સાચા તરીકે ઉપયોગ કયી હતો. ત્યારબાદ નાનાભાઇએ પૈસાની ઉઘરાણી કરતા તેમને સુરેશભાઇ પટેલે જાતિ વિરૂધ્ધ ઉચ્ચારણો કરી અપમાનિત કર્યા હતા. તેમજ ગિરધરભાઇને મારી નાખવાની ધમકી આપી હતી. ત્યારબાદ નાનાભાઇ વણકરે સુરજપુરાના સુરેશભાઇ કાન્તીભાઇ પટેલ વિરૂધ્ધ શનિવારે ગાંભોઇ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

અરવલ્લીમાં લાલચોળ ટામેટાના ભાવથી દાઝેલી ગૃહિણીઓ

ડુંગળી, તુવેરદાળ પછી ટામેટા આમ આદમીને રડાવી રહ્યા છે : ભાવ પ્રતિ કિલો રૂ. ૬૦

મોડાસા, તા. ૨૨

અરવલ્લી જિલ્લામાં ડુંગળી અને તુવેરદાળના ભાવમા તો વધારો થયો જ હતો. તેની સાથે સાથે ટામેટાના ભાવમાં બેફામ વધારો થઈ જતા જિલ્લાની ગૃહિણીઓના બજેટ ખોરવાઈ ગયા છે. જિલ્લાના શાકમાર્કેટમાં ટામેટાના ભાવ આકાશને આંબતા હતા. કારણ કે એક જ મહિનામાં ટામેટાના ભાવમાં ૭૦ ટકાનો વધારો થઈ જતા જિલ્લાના બજારોમાં ટામેટાના ભાવ કિલો દીઠ ૬૦ રૂ. થઈ ગયા હતા. ડુંગળી, તુવેરદાળ સાથે કઠોળ પછી હવે ટામેટાના ભાવ વધારાથી આમ આદમીની હાલત કફોડી બની છે.

દક્ષિણ ભારતમાંથી થતા સપ્લાયમાં ઘટાડો થતા અને જિલ્લાના ભૂમિપુત્રોએ ટામેટાની વાવણી નહિવત પ્રમાણમાં કરતા શાકભાજી બજારોમાં ઘટાડો થતા આ પરિસ્થિતિનું નિર્માણ થયું છે. જિલ્લાના શાકભાજી માર્કેટમાં એક મહિના પહેલા ટામેટા કિલો દીઠ રૂ. ૩૦ થી ૩૫ના ભાવે વેચાતા હતા. પરંતુ આજે તેનો ભાવ રૂ. ૬૦ થઈ ગયો છે. ટામેટાના ભાવમાં પણ બેફામ વધારો થતા ગૃહિણીઓના બજેટ ખોરવાઈ ગયા છે. જિલ્લાના આમ આદમી અને ગૃહિણીઓ લાલચોળ ટામેટાથી દાઝેલી પ્રજા વેર-વિખેર થઈ ગયેલા ઘરના બજેટને પાટા પર લાવવા પ્રયાસ કરી રહી છે. લોકલ શાકમાર્કેટ અને શાકભાજીની લારીવાળા અને ફેરીયાઓ ટામેટા ૬૦ થી ૭૦ રૂપિયા કિલોની રેન્જમાં વેચી રહ્યા છે. દરમિયાન ટામેટાના વેપાર સાથે સંકળાયેલા વેપારીઓ પણ તકનો લાભ લેવાની ફિરાકમાં છે. વેપારીઓના જણાવ્યા મુજબ આવનારા સમયમાં ટામેટાના ભાવમાં હજી વધારો થશે. ટામેટાના ભાવ કિલો દીઠ રૂપિયા ૬૦ પર પહોંચ્યા છે. અહિ નોંધનીય છે કે ડુંગળી અને તુવેરદાળની જેમ ટામેટા પણ રસોડાની રોજીંદી વપરાશમાં ગૃહિણીઓ ઉપયોગમાં લેતી હોય છે અને શાકભાજી ટામેટા વગર અધુરી ગણાતી હોય છે. ગુજરાતી અને પંજાબી વાનગીઓમાં ટામેટા ખુબજ મહત્વના હોવાથી ટામેટાની જગ્યાએ ગૃહિણીઓ આમલી અને કોકમનો ઉપયોગ કરી રહી હોવાનું જાણવા મળ્યું હતું.

ટામેટાની ખેતી સૌથી વધુ આંધ્રપ્રદેશ, કર્ણાટક, તમિલનાડુ જેવા રાજ્યોમાં મુખ્યત્વે વિપુલ પ્રમાણમાં ઉત્પાદન થતુ હોય છે. પરંતુ છેલ્લા કેટલાક દિવસોથી પડેલા ધોધમાર અને ભારે વરસાદને કારણે ટામેટાનો પુરવઠો બંધ થઈ જતા અને ગુજરાત રાજ્યમાં ટામેટાની ખેતી અને ઉત્પાદનમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળતાં ટામેટાના ભાવમાં ભારે ઉછાળો જોવા મળી રહ્યો છે.

વિનાયકનગરમાંથી બોલેરો ચોરાઇ

હિંમતનગર, તા.૨૨

હિંમતનગરના મહાવીરનગર વિસ્તારમાં આવેલ વિનાયકનગરના રામજી મંદિરની પાછળ રહેતા રમેશકુમાર જેઠમલ ખત્રીની બોલેરો નં.જીજે. ૦૯.ઝેડ.૬૯૪૮ ની શનિવારે તેમના ઘર પાસેથી અજાણ્યા શખ્સો ચોરી કરીને લઇ ગયા હતા. જે અંગે રમેશકુમાર ખત્રીએ હિંમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં વાહન ચોરાયાની ફરિયાદ નોંધાવી હતી.

રામપુર-જાંબુડી અને નિકોડામાંથી મહિલા અને યુવતી ગુમ થતાં ફરિયાદ

હિંમતનગર, તા.૨૨

હિંમતનગર તાલુકાના રામપુર-જાંબુડી અને નિકોડા ગામેથી થોડાક દિવસ અગાઉ એક મહિલા અને યુવતી ગુમ થતાં તે અંગે ગાંભોઇ પોલીસ સ્ટેશનમાં રવિવારે તેમના વાલી-વારસોએ જાણ કરી હતી.

આ અંગેની વિગત એવી છે કે રામપુર-જાંબુડી ગામે રહેતા પટેલ ધુળાભાઇ લલ્લુભાઇની પુત્રવધૂ તુલસીબેન સંજયભાઇ પટેલ (ઉ.વ.૨૬) ગત તા.૧૭ નવેમ્બરના રોજ ઘરેથી કોઇને કહ્યા વગર જતા રહ્યા હતા. ત્યારબાદ શોધખોળ કરવા છતાં કોઇ પત્તો મળ્યો ન હતો. જે અંગે ધુળાભાઇ પટેલે ગાંભોઇ પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી.

તેજ પ્રમાણે નિકોડા ગામે રહેતા મુકેશભાઇ જેઠાભાઇ વાલ્મિકીની દિકરી માયાબેન (ઉ.વ.૨૦) ગત તા.૧૩ નવેમ્બરના રોજ ઘરેથી ગાંભોઇ કપડા લેવા જાઉ છું તેમ કહી નીકળ્યા હતા. ત્યારબાદ પરત ન ફરતા તેણીની તપાસ કરવા છતાં કોઇ પત્તો મળ્યો ન હતો. જેથી મુકેશભાઇ વાલ્મિકીએ રવિવારે ગાંભોઇ પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી.

ડીસા એપીએમસી દ્વારા ૭૩ કરોડનો એરંડાનો જથ્થો સીઝ

માર્કેટ ફી ભર્યા અંગે વિગતો પુરી ન પાડતા ડીસા માર્કેટયાર્ડ દ્વારા કરાયેલી કાર્યવાહી

પાલનપુર, તા. ૨૨

ડીસા-પાલનપુર હાઈવે પર રસાણા-મોટા ગામ પાસે આવેલ ગોડાઉનોમાં સંગ્રહીત કરાયેલા એરંડાના જંગી જથ્થા બાબતે ડીસા માર્કેટયાર્ડ દ્વારા માર્કેટ ફી ભરાયા સંબંધેની વિગતો પુરી પાડવા માટે અનેક નોટીસો મોકલવા છતાં માર્કેટ ફી ભરવા કે પુરાવા રજુ ન કરાતાં શુક્રવારે મોડી સાંજે ડીસા એપીએમસીના ચેરમેન માવજીભાઈ દેસાઈની સુચના અને માર્ગદર્શનથી એપીએમસીની ટીમ દ્વારા કુલ રૂ. ૭૩ કરોડ ઉપરાંતના ૨,૪૬,૯૯૨ બોરી એરંડાનો જથ્થો ભરેલા ૪ ગોડાઉનો સીલ કરવામાં આવ્યા હતા. જેથી કોમોડીટી બજારોમાં હલચલ મચી જવા પામી છે.

ઉત્તર ગુજરાતના મોખરાની ગમાતી ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ડીસા દ્વારા એપીએમસીના બજાર વિસ્તારમાં નિયંત્રિત જણસીના વેપાર બાબતે એપીએમસીના નિયમ મુજબ માર્કેટ ફી વસુલવામાં આવે છે. જેમાં ડીસા માર્કેટયાર્ડના ચેરમેન માવજીભાઈ દેસાઈ દ્વારા એપીએમસીની આવકમાં વધારો થાય અને માર્કેટ ફીની થતા ચોરીઓમાં નિયંત્રણ આવે તે હેતુથી એકમાત્ર ડીસામાં વિજીલન્સ સ્કવોર્ડની ટીમ બનાવાઈ છે. જેમાં ડીસા-પાલનપુર હાઈવે પર આવેલા રસાણા-મોટા ગામે રૂષિ કોમોડીટીના વેર હાઉસના ચાર ગોડાઉનોમાં અમદાવાદના એડલવાઈઝર ઈન્ટેગેટેડ કોમોડીટી મેનેજમેન્ટ લી. કંપની દ્વારા ૨,૪૬,૯૯૨ બોરી એરંડાનો જથ્થો સંગ્રહીત કરવામાં આવ્યો છે. જેની બજાર કિંમત ૭૩,૧૦,૯૬,૩૨૦ થવા જાય છે.

આમ, આ સંગ્રહીત જથ્થાની કંપની દ્વારા માર્કેટ ફી ભરવામાં આવી ન હોવાનું ધ્યાને આવતા ડીસા એપીએમસી દ્વારા કંપનીને વારંવાર નોટીસો આપવામાં આવી હતી. જો કે કંપની દ્વારા નોટીસનો કોઈ જવાબ કે માર્કેટ ફી ભરી હોવાના પુરાવા રજુ ન કરતાં ડીસા માર્કેટયાર્ડના ચેરમેન માવજીભાઈ દેસાઈ દ્વારા કાર્યવાહીનો આદેશ કરાતા શુક્રવારે ડીસા એપીએમસીના આસીસ્ટન્ટ સેક્રેટરી એ.એન. જોષી, ઈન્સ્પેક્ટર ડી.એચ. ત્રિવેદી સહિતની ટીમે રસાણા-મોટા ગામે ગોડાઉન પર રેડ કરી કંપનીના ચાર ગોડાઉન સીલ કર્યા હતા.

પ્રાંતિજ એપ્રોચ રોડ પર આઈશરે બાઈકને ટક્કર મારતા બાળકીનું મોત

હિંમતનગર, તા.૨૨

પ્રાંતિજના એપ્રોચ રોડ પર થઈને રવિવારે પસાર થઈ રહેલા એક બાઈક સવારને આઈશરે ટક્કર મારતા ગંભીર ઈજાને કારણે પાંચ વર્ષની બાળકીનું મોત નિપજયુ હતું. જે અંગે પ્રાંતિજ પોલીસે આઈશર ચાલક વિરૂધ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

નંજીજે૯એપી૫૩૭

આ અંગેની વિગત એવી છે કે બાયડ તાલુકાના માનપુર ગામના મહેન્દ્રસિંહ સામંતસિંહ ચૌહાણ, તેમના પત્નિ જયોત્સનાબેન ચૌહાણ અને પાંચ વર્ષની બેબી બિન્દુબેનને બાઈક નં.જીજે.૯.એપી.૨૦૭૪ પર બેસાડી પ્રાંતિજ પાસે આવેલ અનોડીયા ગામે સાસરીમાં જતા હતા.

દરમિયાન તેઓ બાઈક પર બેસી પ્રાંતિજના એપ્રોચ રોડ પરથી પસાર થતા હતા ત્યારે આઈશર ના ચાલકે ગફલત ભરી રીતે ડ્રાઈવીંગ બાઈકને ટક્કર મારતા બાળકી બિન્દુબેન જમીન પર પટકાઈ હતી. જયાં અચાનક આઈશરનું ટાયર તેના પર ફરી વળતા તેણીનું ગંભીર ઈજાને કારણે મોત નિપજયુ હતું. ત્યારબાદ મૃતક બાળકીને પી.એમ.માટે પ્રાંતિજ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં લવાઈ હતી. અકસ્માત અંગે માનપુરના મહેન્દ્રસિંહ ચૌહાણે આઈશર ચાલક વિરૂધ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.